केदारसिंह परमार नाटकनां
गायनो.

વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીને માટે.

રચીને પ્રસીદ્ધ કરનાર,

રાવલ ત્રંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર.

વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના મેનેજર.

આવૃત્તિ ૧ લી. નકલ ૧૦૦૦.



અમદાવાદ.

ઘી કાંટે શેઠ મોતીલાલ અમરતલાલના ડેલામાં યુનીયન
પ્રીન્ટીંગ પ્રેસમાં બેલાભાઈ નરસીદાસે છાપ્યાં.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૭

કીમત બે આના.

अर्पणपत्रिका.

ધર્મ ધુરિંધર પ્રૌઢપ્રતાપી રાણા શ્રી ૭

સુરજમલજી લાખાભાઇ.

સ્થળ—અંકેવાળીઆ.

વસંતતિલકા વૃત્ત.

સન્મિત્ર ચિત્ર મનનું, તનમાં રહે છે;
આદર્શહીન જનશું? અવલોકી લે છે.
તદ્વત્ વને વલ વલું, મમ મિત્ર ધારો;
પોતે પિયૂષ દઈને, સુખ શાન્તિ સારો.
શ્રી બર્તના ભવનમાં, અભયે ભરેલા;
વિદ્યાનિતી પ્રિતિ થકી, હ્રદયે ઠરેલા.
સન્મિત્ર મંડળ વિષે, મમહીતં કારી;
માટે હું અર્પણ કરૂં, તમને વિચારી.

એજ વિનંતિ.

ત્રંબકલાલ દેવશંકર રાવળ,
તથા
ત્રંબકલાલ રામચંદ્ર ત્રવાડી.
વાંકાનેર.

केदारसिंह परमार नाटकनां गायनो.

मंगळाचरण.

સુત્રધાર— રાગધનાશ્રી.

તું ટાલક ભવફંદ, જગતપતી; તું ટાલક ભવફંદ. ટેક.
કષ્ટ સહુના કાપો કૃપાલુ, કરી કરૂણા સુખકંદ. જગતપતિ૦
મદ મોહાદીક માયામાંથી, મુકત કરો વજચંદ. જગતપતિ૦
પાત્રની કુમતી દુર કરોને, મોહન બાલ મુકંદ. જગતપતિ૦
નાટક રચના તુજ આધારે, આદરૂં પરમાનંદ. જગતપતિ૦

प्रवेश १ लो.

જસરાજસિહ—(પ્રધાન પ્રત્યે)

ઈંદ્રસભામાં ગવાતી ઢબનો.

હે પ્રીયે સચીવ સુણ, કહું હું વચંન;
પ્રેમ પ્રજા મુજપરે, રાખેછે કેવું મંન.
પુજ્ય તાત સ્વર્ગ વાસ, થયા પછી કહો;
રાજનું તમામ કામ, શી રીતે લહો.

પ્રધાન—(રાજાપ્રત્યે) સદર.

હે કૃપાલુ નૃપતીસુણો, વીનયથી કહું;
સર્વપ્રજા પ્યાર ધરે, આપને બહુ.
દેશને વીદેશ આપ, કીર્તી જામવા;
હર્ષથી કરે પ્રસંસા, ખ્યાતી પામવા.

આપ વળી ભગ્ત માતુ, અંબીકા તણા;
આરાધો આરાસુરીને, ભાવથી ઘણા.
તાત આપ સ્વર્ગવાસ, થયા પછી કહું;
રાજનું તમામ કામ ન્યાયથી લહું.

શાસ્ત્રી—(પ્રવેશકરતાં આશીરવાદ)

ગીતી.

દીનપ્રતિ દિન સુખ પામો, જામો જગમાં કીર્તિ તુજભૂપ;
ન્યાય કૃપાલુ નરેશ, પુન્ય પ્રતાપી રહો અચલ નૃપ.
(રાજા પ્રત્યે રાજનીતીનો બોધ)

અલેફસે તું યાદકર એ રાહ.

શ્રવણ કરો હે કૃપાલુ, ધર્મભૂપ આજ;
રાજનીતિ સર્વકહું, આપને મહારાજ.
પુત્રના સમાન ગણી, પ્રજા પાલવી;
અદલ ન્યાય આપવોરે, સત્ય જાળવી.
નેકટેક ધૈર્યતાથી, દીર્ઘ દેખવું;
સ્વપ્નમાં કદી નહીં અસત્ય પેખવું.
વીપ્ર પ્રતી પ્યાર ભૂપ ખુબ રાખવો;
શાસ્ત્રને વીલોકી, જ્ઞાન રસ ચાખવો.
પ્રજાને વીદ્યાનું દાન, આપવું બહુ;
જેથી જંન સુખમાં, રહે કહું સહુ.
સાધુ સંત યોગીયોનું, કેણ માનવું;
નીતિથી વીચારી, અહોનીશ ચાલવું.
આરાસુરી અંબીકાને, એક નેકથી;
પુજવી હમેશ, કહું શુધ ટેકથી.

જેથી જગતમાંહી, તુજ કીર્તી બહુ;
જામશે અપાર સર્વ, સત્ય હું કહું.

જસરાજસિંહ—(કેદારસીંહને દીપચંદને અશ્વની પરીક્ષા કરવાનું કેતાં)

રાગપીલુ

સુપુત કુમારો, આજ્ઞાકરૂ હું, કાર્ય કરો, ફતે મંદ થઈ બહુ. ટેક
પ્યારા દીપચંદ, જા તું સાથે; અશ્વની પરીક્ષા કરોને સંગાતે. સુ.
વડીલ પુત્રઓ, કેદારસીંહજી; અશ્વની પરીક્ષા, કરોને હરખથી. સુ૦
મચ્છીની પરીક્ષા, કરવા નિકાજે; વીરસીંહજી કહુ જાય આજે. સુ૦
માટે સત્વર, જાઓ પ્રીયે સહુ; વીજય આશીશ, આપું અહી હું. સુ૦

કેદારસીંહ—(તેના પીતા પ્રત્યે)

રાગ કુચ્છભી તુને ખબર એ રાહ.

આજ્ઞા શીરપર ધરીને, જાઈએઉ મીત્ર;
ત્વરીત ખબર લાવી અમો, અશ્વની ખચીત. ટેક.
દીપચંદ સાથ લઈ, કરૂં પરીક્ષા આજ;
અશ્વ કાષ્ટપર ચઢીને, જાઉં શીર તાજ. આજ્ઞા૦
હિંમત હારૂં નહીં હું, કરવા શુભ કામ;
ચિંતા આપ કરો નહીં, જરાય સુખ ધામ. આજ્ઞા૦
શાસ્ત્રી વર્ય આપની, આશીશ લેઈને;
જાઉં મીત્ર સાથ આજ, શીશ નામીને. આજ્ઞા૦

પ્રવેશ ૨ જો.

(સ્થળ આરાસુર પર્વત)

કેદારસીંહ—(અશ્વના સંચા તુટી જવાથી ખેદ કરેછે)

ગીતિ.

ઘર છોડયાં પ્રીય બંધુ, દીન વીતિત બહુ થયા કહું તુજને;
હયના સરવે સંચા તુટયા થાએ ખેદ અરે મુજને.
રહ્યું ગામ ક્યાં ભાઈ, આવ્યા આંહી વીકટ વંન માંહીં;
રસ્તો જડશે કયાંથી, જતું આપણે કહો હવે કયાંહીં.

દીપચંદ—(કેદારસીંહ પ્રત્યે) **ગીતિ.**

ધૈર્ય ધરે પ્રીયે મારા, થકીત નહીં તું થજે કંઈ આજ;
જડીત્ર કરજે વીંટી, છે મુજ પાસે સરશે સહુ કાજ.

કેદારસીંહ— **ગીતિ.**

પ્રચંડ ગ્રીષ્મ રૂતુનો, તાપ અતીશય પડે મીત્ર મારા;
ત્રશા તેથી મુજ લાગી, ચાલો નીર્મલ જલ સ્થાને પ્યારા.

દીપચંદ— **ગીતિ.**

આપ તણી આજ્ઞાથી, સત્વર ચાલું સંગ અરે ભાઈ;
દેખાય આદિર્ઘીકા નીર્મલ જલ અમૃત સમ છે માહીં.

કેદારસીંહ—(વાવની અંદર આરસની પુતળી જોઈ મોહીત થાયછે ને અંબાજીને પ્રવેશ કરેછે ત્યાં જોઈ તેની સ્તુતિ કરેછે)

દાહ ઉઠી છે દુઃખની દીલમાં એ રાહ.

શીશ નામું હે કૃપાળુ, આદય માયા ઐશ્વરી;
દાસ દુઃખ દુર કરો, આરાધું પરમેશ્વરી. ટેક.
સુંદર સ્વરૂપી પ્યારી, જોઇ મોહ પામ્યો હું;
દે દયાળુ દીન દાસને, દાનનું વચંન તું. શીશ૦
એ પ્યારી જો નહીં મળે તો, પ્રાણુ ત્યાગું આ સમે;
માટે હે ભવાની ભોળી, ભાવથી આપો તમે. શીશ૦

દાસ તારો અશ્વની વારો, વર આપો મા મુને;
વારંવારે શીશ નામું, વીનવું અંબા તુને. શી૰શ૦

(મુજે છોડ ચલા બનઝારા એ રાહ)

હે દાસ દુઃખ હરનારી, હું વીનવું શૈલ કુમારી. ટેક.
દીયો દીન ગણી વરદાન, આ સુંદર સ્ત્રી ગુણવાન;
કરો આશ પુર્ણ સુખકારી, હું વીનવું શૈલ કુમારી.
હે આરાસુરી જગમાતા, વર આપી કરો સુખ શાંતા;
ધરો વીનંતિ ઉરમાં મારી, હું વીનવું શૈલ કુમારી.
નહીં મળશે જો આ પ્યારી, તો તુજ પ્રાણ એધારી;
મા કરો સુભાગી ભારી, હું વીનવું શૈલ કુમારી.

પ્રવેશ ૩ જો.

નાગકન્યા—(સખીયોપ્રત્યે)

ગીતિ.

સુણ મૃગનયની બાળા, યુવા અવસ્થા પૂર્ણ થઈ મારી;
તોપણ પુજ્ય પીતાએ, લગ્ન સબંધી. વાત ન વીચારી.

કુસુમાવલી—(નાગકન્યા પ્રત્યે)

ગીતિ.

શોચ કદી નવ કરજે, શશીવદની હે પ્રાણ પ્યારી મારી;
પતી સુંદર શોધે તુજ, દીર્ઘ વીચારે તાત અતી ભારી.

રાગ દક્ષણી રાહની લાવણી.

મદન દુઃખ દે, હ્રદયમાં બહુરે; કંપે કાય, અરર હાય;
દીલ દુખાય, શું થાય; કયાં જઈ કહુંરે. ટેક
પતિવીના સખી, શી રીતે રહુંરે; દીન રાત, નહીં નીરાંત;

કરવી ઘાત, ખચીત વાત; એવું હું ચહુંરે. મદન૦

(વળી સખીયો પ્રત્યે કહેછે) **મેવાડો.**

સુણો પ્રાણ પ્યારી બેનોરે, તમો મુજ દુઃખ વાત. ટેક.

યોગ્ય વયની હું થઈને, તાત ન જાણે દુઃખ;

મુજવયની બેનો અરેરે, તે માણે પતીસંગ સુખરે. સુણો૦

પ્રીય પતિની સાથે ન બેઠી, ખેલી ના ચોસાર;

કુસુમાયુધ કર આયુધ લઈને, પીડે મુને અપારરે. સુણો૦

પ્યારી મારી બેનો તમોને હું કહું સાચી વાત;

મુજસમ પતી મલે હવે ઝટ; નહીં તો કરૂં હું ઘાતરે. સુણો૦

કુસુમાવલી (નાગકન્યાને ધીરજ દેછે) **ઢીંડી.**

મારી પ્રાણપ્યારી શાદ અકળાયે' ધારી ધારણા રહે સુખી સદાયે;

કરે અંબીકાજી માત તારી સહાયે, મારી પ્રાણપ્યારી-

જોબન બેની તારૂં પુરણ થયું છે, મુખ શોક રૂપી રાહુએ ગ્રહ્યુંછે;

પુજ્ય તાતને વૃતાંત આ કહ્યું છે, મારી પ્રાણ પ્યારી.

ચંદ્ર વદની પ્યારી થામાં તું ઉદાંસ, મળશે યોગ્યપતી નહીં રેહે નીરાશ;

એવી પ્રાર્થના કરૂં ભવાની પાસ, મારી પ્રાણપ્યારી.

નાગકન્યા—(અંબાની પ્રાર્થના કરેછે)

રાગ ગુરૂગોવીંદના મહીનાનો

કરૂં કરજોડી જગમાત, વીનંતી તુજનેરે;

ગણી બાલ દીયો વરદાન, અંબા મુજનેરે.

મુજ કષ્ટ કરો સહુ નષ્ટ, માતુ ભવાનીરે;

વળી વીનવું વારંવાર, હે જુગજાનીરે.

મુજ તાત તણા મનમાંય, વાસો વસજેરે;

દુરબુધિ ધરજે દુર, સુમતી કરજેરે.

માલતી તથા કુસુમાવલી—(કેદાર સીહને દીપચંદ પ્રત્યે.

(લાવણી બીહાગની)

સુણો અરજ અમારી, ભ્રાત કહીં આ વારે;
કેમવાવ્ય મહી આવીયા, કોણ આ ધારે.
ક્હો માતતાત કોણ, નગ્ર આપનું નામ;
સહુ બતાવી બંનેત વીર તજો આ ધામ.
આ મહેલ મહીં નહીં, કાંમ તમારૂં ભ્રાત;
રહે વીશધર અહીં મમ, પ્રીયે સખીનો તાત.
તે લેશે ક્ષણમાં પ્રાણ, તમારાં પ્યારા;
આ વીનતી ઉરમાં ધરી, થાઓ ઝટ ન્યારા.

કેદારસીંહ— (દાશીયો પ્રત્યે)

રાગ શીવધનુષ્ય કઠીન એ રાહ

સુણ મૃગ લોચની, વાત તું મારી;
શ્રવણ કરે, સહુ ધીરજધારી. ટેક.
નગર ઠઠાનો, હું છું રાજંન;
આ મમ મીત્ર છે, પ્રાણજીવંન. સુણ૦
ભય વીષધરનો; બતાવે તું મુજને;
તેનાં પ્રાણ લીધાં, કહું તુજને. સુણ૦
આવ્યો અહી તુજ, સખીને હું વરવા;
પ્રીત રૂપી સુખ, સમુદ્રમાં તરવા. સુણ૦
રમણીક સ્થળ, આ જોઈને નારી;
રહેવાની ઇચ્છા, થઈ ઈહા મારી. સુણ૦

કુસમાવલી—(નાગ કન્યાને મુરછામાંથી જાગૃત કરતાં)

ગીતી

સાવધથા મમ પ્યારી, ધીરજ ધારી સોચ તજો મનથી;
ઈચ્છા એ ઈશ્વરની, થયું હવે તો ભજો પ્રભુ તનથી.

નાગકન્યા—(સાવધ થઈ સોચ યુક્ત)

રાગ સીતાજીના મહીનાનો

તાત મારા ગયા તમો ક્યાંય, વીયોગ વેદના કરી;
સુણી વાત મરણની તાત, ઝુરે તમ દીકરી.
મુજને દુઃખણી કરી ઓ હાય, આ સ્થળથી ચાલ્યા ગયા.
નાનપણથી માતુ મુજ ગઈ, તમો નીરદય થયા.
દીનવીતીત થશે હવે કેમ, મારા આ દુઃખના;
પ્રાણ નહીં રહે આરે અવાસ, દીવસ ગયા સુખના.
મારા તાતના કોણેરે આજ, પ્રાણરે છોડાવીયાં;
એવા પાપી જનો ક્યાંથી આજ, આવી દુઃખ લાવીયા.
પ્રભૂ તમો છો દીન દયાલ, અરજ મારી સાંભળો;
જો હું શુધ સતી હું નાર, શ્રાપ મુજ ઝટ ફળો.

લલીત

અરર તાતરે દુઃખણી કરી, સ્વરગમાં ગયા સુખ સૌ હરી.
લઘુ વયેં અરે માત તો ગઈ, અરર હે હરી શી દશા થઈ.
અરર દુઃખ આ શી રીતે સહું, દિલનિ વાત હું ક્યાં જઈ કહું.
અરર દુષ્ટીઓ ક્યાંથી આવીયા, મુજ પિતુ તણો અંત લાવીયા.
હરિ અરે હવે સત્ય રાખજો, મુખ થકી કહુ તે હવે થજો.
અરર ક્રોધથી શ્રાપ હું દઊં, ત્વરિત જઈ ડસો હે અહી કહું.

કેદારઠ—(નાગકન્યાના શ્રાપથી સર્પડંસ કરવા આવેછેએવખત).

રાગસારંગ (તાલદીપચંદી.)

અરે મીત્ર મીષધર, આવ્યો અહીં;
ખચીત પ્રાણ મારાં, આલેશે સહી. ટેક
ખરે નાગ પુત્રીના, શ્રાપે કરી;
કરે ડંસ મુજને, હરીઓ હરી. અરે૦
ધરી ધીરથી તું, તજે આ અવાસ;
કહું સત્ય આજ તું, થા ન નીરાશ. અરે૦
કે જે માત તાતને, સરવે બીના;
નહીં ખેદ પામે, પ્યારા હું વીનાં. અરે૦
અરે મુજ કૃત્યને, છે ધીઃકાર;
કર્યું કાર્ય મેં, નહીં કીધો વિચાર. અરે૦

દીપચંદ—(કેદારસીંહ મરી જવાથી વીલાપ કરેછે)

સોરઠી ગજલ.

ગયો મીત્ર હાય તજી અરે, કોણ સાય આવી મુને કરે;ટેક
થયો આશ ભંગ હું આ સમે; અરે પ્યારા શીદ મુને દમે;
થા સ્વસ્થ તું તજી શોકને, કરૂં વીનતી ધ્યાનેં ધરે. ગયો૦
કેમ ચક્ષુ તું નથી ખોલતો, કેમ પ્યારા તું નથી બોલતો;
હાયહાય હું હવે શું કરૂં, આવું દુઃખ કોણ આવી હરે.ગયો૦
હું ઘાતકી સ્યામ મુખ લઈ, શું દેખાડું તાતને જઈ;
આથી મરવું ભલું હે પ્રભુ,સહુ મીત્ર વીણ મીથ્યા ખરે.ગયો૦

નાગકન્યા—(ખેદ યુક્ત)

સૈયર દુઃખ શું દાખવું એ રાહ.

સુણ શાણી સૈયર આજ તું, કહું મુજ દુઃખ વાત;
પુજ્ય પીતા ગયા સ્વર્ગમાં, પતીની થઈ ઘાત. ટેક.

કૃત્ય ક્રુર એની મેં કર્યું, વીણુ વીચારે હાય;
પંન્નગ ડંસ કરાવીયો, હવે શું પ્યારી થાય. સુણ૦
મુઢ થઈ મતી આજ તો, ભાંન ભૂલી સહુરે;
પ્રાણપતી તણી પાછળે, મરૂં સત્ય કહુંરે. સુણ૦
આ કાય શું મુજ કામની, પ્રાણપતી વીનારે;
મૃત્યુને સ્વાધીન જોઈને, છાતી ચીરાય આરે.. સુણ૦ (મુરછા)

માલતી, કુસમાવલી—(સાવધ કરતાં.)

(મુજે છોડ ચલા બનજારા એ રાહ.)

નહીં કલેશ ધરે મુજ પ્યારી, અમો વીનવી તુજને ભારી. ટેક
થઈ ભાવી ગતી બલવાન, ધરે શૈલ સુતાનું ધ્યાન;
લે કથન ઉરમાં ધારી, અમો વીનવીં તુજને ભારી.
હવે સોચ ધરે શું મનમાં, થા શાંન્ત પ્રીયે કહુ તનમાં;
સાહસ નવ કરવું પ્યારી, અમો વીનવી તુજને ભારી.

(નાગકન્યાનો વીલાપ સાંભળી અંબાજી પ્રસંન થઈ કેદાર સીંહને તથા તેના મીત્ર દીપચંદને સજીવન કરેછે;.તથા નાગકન્યાને કેદારસીંહ સાથ લગ્ન કરવાનું કહેછે ને તે પ્રમાણે માન્યરાખી સરવે આરાસુરીની પ્રાર્થના કરેછે.)

રાગધનાશ્રી

સ્થાન પ્રતિ વીચરો કૃપાલુ માતુ ટેક.
કષ્ટ સહુના, કાપી કૃપાલી; સાય સહુની કરો. કૃપાલુ૦
અમ કાજે હે, ભવાની ભોળી; દુઃખ હરી, સુખ આચરો. કૃ૦
વીનવીં સરવે, આપને માતુ; ભવદુઃખ દુરધરો. કૃપાલુ૦
દાને કાજે, સંકટ વેઠી; સહુ દુઃખ આવીહરો. કૃપાલુ૦

પ્રવેશ ૪ થો.

નાગકન્યા—(કેદારસીંહને વંદન કરીને)

આવાં આસોપાલવનાં ઝાડ એરાહ.

મારા પ્રાણ તણારે આધાર, હરષથી પધારીરે;
લીધી દાશી તણીરે સંભાલ, કરીને આ ભારીરે. ટેક૦
મારા હૈયાના હાર હમેશ, જીવનની છો દોરીરે;
આ આસનપર સુખ ધામ, બીરાજો સંભારીરે.
હું વીવીધ રોપું પુષ્પમાલ, આનંદથી પ્યારારે;
હાર હમેલ બાજુબંધ, તુરા ન્યારા ન્યારારે.
પછી આજ્ઞા કરોતો હેકાન્ત, ભોજન રાંધુ પ્રીતેરે;
શાકપાક અને પકવાન, વીવીધ કરૂં રીતેરે.

કેદારસીંહ—રાગ જનમો જનમગુન માનું એરાહ.

કમલ વદન પ્રીયે જોઈને તારૂં, હર્ષાતુ દીલ થયુંછે મારૂં. ટેક
વાણી મધુર મૃગલોચની તારી,
ચાલ તારી પ્રીયા હંસ સમ ભારી કમલ૦
કોકીલ કંઠ તુજ, સુભ મનોહર;
જોઈ આનંદ પામુ મન અંદર. કમલ૦

રાગ ઝીંઝોટી. (કમલ વદન સખી એરાહ)

મૃગનયની પ્રીયા, જોઈ મુખ તારૂં. ટેક
આનંદ ઉપજે, નીશદીન જોઈ;
મોહ પામ્યું, મન મારૂં. મૃગ૦
વીયોગ ક્ષણનહીં, ચાહુ પ્રીયા તુજ;
માગુ એ અંબા,પાસ પ્યારૂં. મૃગ૦

જગસાર્થક મુજ, હે લલનાં તું;
દુઃખ સહુ, ઈશકરે ન્યારૂં;. મૃગ૦

શુદ્ધ પ્રિતિ પ્રીયા, નળદમયંતી;
એસમ આપણી ધારૂં. મૃગ૦

નાગકન્યા— (કેદારસીંહ પ્રત્યે)

લાવણીબીહાગની.

મુજ પ્રાણ તણા આધાર, વીવેકી પ્યારા;
કરૂં અરજ નમાવી શીશ, રહો નહીં ન્યારા.
પતી આપ વીના ક્ષણ, એકવર્શ સમ લાગે;
હું રહું દીન થઈ નાથ, આપની આગે.
મુજ અબળાને શો ધર્મ સહુ વીચારી;
કરૂં શેવ ઈશ સમગણી, પ્રીતથી ભારી.
જો રજા આપની હોય; કૃપાલ સ્વામી;
કરૂં વીવીધ ભોજન, તતખેવ, કહુ શીર નામી.

નાગકન્યા.—(એ રીતે નાગકન્યા સ્વહસ્તે ભોજન તૈયાર કરવા જાયછે ને કેદારસીંહ પણ કાંઈ કામથી જુદા હોલમાં જાયછે તેવામાં દીપચંદ સયન ગૃહમાં પ્રવેશ કરેછે કેમકે કેદારસીંહે તેને બોલાવેલો હતો પણ કોઈ ત્યાં નહી હોવાથી એક બાજુપર પલંગ ઉપર દીપચંદ સુતો કેમકે તેને ગઈ રાત્રીનું જાગ્રણ હતું તેથી સુતાંજ નીદ્રા આવી ગઈ તેવામાં નાગકન્યા ભોજન તૈયાર કરી આવી ત્યાં પોતાને પ્રાણનાથ નીદ્રાવશ છે એવું જાણી જગાડવા પ્રયત્ન કરેછે.)

રાગ કુશ્નજીવનના મહીનાનો.

જાગોને મારા પ્રાણરે(૨) વીનવું ઉભયકર જોડીને. ટેક.

આવી નીદ્રાને હે પતિરે, થયા સ્વાધીન કેમ (૨)
દીન દાસીની ઉપરે, કરો પુરણ પ્રેમ. (૨) વીનવું૦
સુત્ત વીવીકી નાથજીરે, આમ બોલો ન શું—(૨)
કરગરૂં ક્યારની વહાલથી, હાવ ભાવથી હું. (૨) વીનવું૦
દોશ થયો કાંઈ મુજથીરે, પ્યારા પ્રાણ આધાર; (૨)
તો માફી માગું હું આ સમે, ક્ષમા કરો આ વાર. (૨) વી૦
પવીત્ર દાશી હું આપનીરે, સુધ સતીછું નાથ; (૨)
સ્વપ્ને વીરૂધન ચાલું હું, કહુ નામીને માથ. (૨) વી૦

(હોરી પ્રીતમ વેલા આવજો રાતે એરાહ.)

પુંવાર કુલ દીપક પ્યારા, ત્યાગો નીદ્રાને આજ. ટેક.
સ્નેહ ધરી હું આપની સાંમે, વીનવું વચન મધુરેં;
તોયે આપેં નહીં નીદ્રાને છોડી, કથન ધર્યું નહીં ઉરે. પું૦
નીદ્રા છેબહુ આપનેં સ્વામી; તે હું સરવ સ્વજાણું;
ચેન પડે નહીં આપ વીના મુજ, ક્ષણ ભર વર્શ પ્રમાણું. પું૦
આપ આગ્નાથી ભોજનની સહુ, તૈયારી કીધી મેં સ્વામી;
હર્ષ ધરી ચાલો આ રોગવાને, કહુંછું મુસ્તક નામી. પું૦

કેદ્દારસીંહ—નાગ કન્યા આટલી સ્તુતી કરતાં પણ પોતાના પતિ કેદારસીંહ જાગ્રત ન થયા જેથી પોતે પણ પલંગપર સુઈ જાય છે ને કેદારસીંહ પ્રવેશ કરતા આવો ભયંકર દેખાવ જોઈ દીપચંદને ક્રોધથી જગાડે છે.)

રાગ જફાએ સીતમકો સજા એરાહ.

અરે આ શો જુલ્મ, જોઉં હું અઘાત;
પ્રાપ્તુ ક્ષોભ જોઈને આ ઉતપાત.

ધીઃક છે તુને, ધીઃક છે હે ગમાર;
સત કોટી ધીઃકાર છે, આની આ વાર.
અહો દુષ્ટ, દુરાચારી નીચ જંન;
સુણ હે પાપી, વ્યભીચારી વચંન.
અરે શું સુતો, સ્વસ્ત થઈ નીરંવાણ;
અસીથી લઉં, ક્ષણમાં તુજ પ્રાણ.
કહું સાવધ થાતું, અધર્મી અરે;
સીંહ ધામ, જંબુક પેઠો ખરે
કરૂં શું અરે હાય, મીત્ર થયો;
નહીં જાય આ ક્રોધ, મનમાં સહ્યો.

દીપચંદ—એક દમ જાગ્રત થતાં પશ્ચાતાપ કરે છે ને વ્યાકુળ થઈ જાય છે.

રાગ પીલુ.

ઓ ઈશ મેં આ કૃત્ય કર્યું શું;
મીત્ર સૈય્યાપર, સુતો જઈ હું ટેક.
પુજ્ય મા તુ નાગ, કન્યા આ ક્યારેં;
આવી સુતાં જોઈ, દ્રષ્ટેથી આરે. ઓ ઈશ૦
આ વાત મીત્રને, જાણ જો થાશે;
મહા ક્લેશ વૃક્ષનું, મુળ રોપાશે. ઓ ઈશ૦
નાગ કન્યા છે, આ સાધવી નારી;
સત્ય કરો પ્રભૂ, વીઘ્ન વીદારી. ઓ ઈશ૦
ધીઃકાર છે મુને, બહુ વાર આજે;
ગતી શી થશે મારી, પ્રભૂ સાય થાજે. ઓ ઈશ૦
(કેદારસીંહ શીટકાર આપે છે તે વખત)

રાગ કુછ ભીતુને ખબર એરાહ.

શું વદે કૃપાલુ. મીત્ર, વાક્ય આજ મુજ,
આવું મુકવું કલંક, યોગ્ય છે ન તુજ. ટેક.
છું નહીં હું કાંઈ, દોષમાંય પ્યારા મીત્ર;
શુધ નેક ટેક માંહીં, છું સદા પવીત્ર. શું વદે૦
ભીંન શું ગણીને મુકે, આરોપ આ શીર;
ન્યાય નીપુણ થઈ હવે, વીચાર ધીર વીર. શું વદે૦
ગંણુ નાગ કન્યા મુજ, માતુની સમાન;
હવે શાંન્તી શાંન્તી કર, સુજ્ઞ ગુણવાન. શું વદે૦

કેદારસીંહ—(રૂખ બદનેમેં હે તફા એરાહ)

સ્યામ તુજ મુખ દીપચંદ, ન બતાવ આજ;
સદય છાંડ ધામ આજ, નીચ નહીં લેશ લાજ, ટેક.
તું જેવા અધર્મી દેખાવથી, આજ મુજને;
ક્રોધ જ્વાલ લાગે અરે, જોઉં હાય તુજને. સ્મામ૦
તું જેવા અસુર જોઈ, ને અશુધ થાઉં હું;
જા અહીંથી દુષ્ટ મુઢ, વાર કરે શીદ તું. સ્માય૦
અરે હે હરામી જાત, શીક્ષા શું હું તુજ દઉં
શું કરૂં પ્રિતિ વીચારી, પ્રાણ લઈ જા કઉં. સ્યામ૦

દીપચંદ—(માતુ આપ બાલની વીનંતી એ રાહ)

કર વીચાર ધૈર્ય ધરી, મીત્ર હું કહું;
સાહસન કર કેદાર, સીંહ આજ તું. ટેક.
ભ્રષ્ટ વાંછનાંન કદી, સ્વપ્નમાં કરૂં;
શાસ્ત્રથી વીરૂધ, પાય હું નહીં ધરૂં કર૦
કદી શીર જાય તોય, હું નહીં ડરૂં;.

મુખથી અશુધ નહીં. વાત ઉચરૂં. કર૦
પણ વીધી સંયોગથી, ખરેખરૂં બૂરૂં;
થવા બેઠું મીત્ર તારૂં, માનજે ખરૂં. કર૦
ત્યાગું ધામ આ સમે, કરૂં ન વાર હું;
લે પ્રણામ છેલા મુજ, પ્યારા મીત્ર તું. કર૦
હે ભવાંની અંબીકે, કેદારસીંહનું;
શુભ કરજે સદાય, માગું એજ હું. કર૦

પ્રવેશ ૬ ઠો.

(સ્થળ વાવ્યની પાસેનું ઉપવંન)

નાગકન્યા—

સજન કે બાગમેં જાતીએ રાહ.

પ્યારા આપથી સુભાગી છું; માનુ પાડ અંબેનો, નીસદીન હું ટેક.
કાપી કષ્ટ સર્વે, કર્યા દુઃખ દુર; આપી સુખ આનંદ કીધો અપુર. પ્યારા૦
સુંદર આ જાઈ, ચંપાની સાથ; લપટાણી પ્રીતે જુઓ સહુ નાથ. પ્યારા
એ સમે હું પ્રીયે મારા, પસારૂં પ્યાર અતી પ્યારા. પ્યારા૦

કેદારસીંહ— **રાગ સદર.**

પ્રીયા મારી, પ્રીયા મારી; પસારે તું પ્યાર, પ્રીયા મારી. ટેક.
મનોહર મુખ, પ્રીયા તારૂં; જોઈ મોહ પામે મન મારૂં પ્રીયા૦
જરા નહીં દુર, રહું પ્યારી; સમાગમ તુજ, સુખકારી; પ્રીયા૦
તારી શુધ ભકતી, છે મુજપર; પતીવ્રત પુરૂં, કરે ઈશ્વર પ્રીયા૦

(કાઢી મુકેલો દીપચંદ મીત્ર આ વખત યાદ આવવાથી પશ્ચાતાપ કરેછે)

રાગ હમકું છાંડ ચલે બન માહુએ રાહ.

સુણ પ્રિયે પ્યારી, કહું દીલધારી; મીત્ર વીયોગનું, દુઃખ અતીરે. ટેક.

શુધ પવીત્ર, મીત્રની ઉપર; સાહસ કીધું, પ્યારી બહુ મેં;
નીર્દોશીપર, ખંજર ખેંચી; ધાયો ધસી બહુ ક્રોધ કરીરે. સુણ૦
લેશ વીચાર ન, આવ્યો એ સમયે; આ મુજ કોમળ, દીલની માયે
કયાં હશે પ્યારો, અરે આ ટાણે, ભેદાય હાય હવે મુજ કાયે. સુણ૦
પ્યારી આ સમયે, હોયજો મારો; મીત્ર દીપચંદ, સાથ મહીરે.
પણ શું કરૂં, ભુલ ભારી મેં કીધી; મીત્ર ન મળશે, એવો કહીંરે સુણ૦

કેદારસીંહ—(અંબીકાની પ્રાર્થના કરેછે.)

રાગ માતુ આપ બાળની એ રાહ.

વીનતી કરૂં કૃપાળુ, અંબીકા તુને;
કલેશ હરી સુખ આપ, માતુ રે મુને. ટેક.
પવીત્ર મીત્ર શુધ દીપચંદને કહું;
સુખી રાખજે હમેશ, એજ હું ચહું. વીનતી૦
લઘુ દોશથી અરે મેં, ત્યાગ તો કર્યો;
વજ્ર વચન રૂપી ઘાય, શીરપરે ધર્યો. વીનતી૦
એ સહુ સંતાપ આજ, થાયછે મને;
નીરૂપાય છું અપાર, હવે શું બને. વીનતી૦

પ્રવેશ ૭ મો.

(સ્થળ વાવ્યની પાસેનું ઉપવંન)

વીરૂ—(ચંદ્રાવતીનો રાજા લંપસેન નાગકન્યાની મોજડી જોઈ મોહીત થયેલ જેથી તે સ્ત્રીને લેવા માટે વીરૂ માલણને મોકલેલ છે તેથી વીરૂ માલણ વાવ્યની પાસે જઈ કપટથી વીલાપ કરેછે) **લલીત.**

અરર હે પ્રભુ, દુઃખ છે અતી; અબળ નાર હું છું વિનાપતી;
હૃદય માહરૂં ફાટી જાયરે; ઝરત નેત્રથી, પાણી હાયરે.
અરર આ ઘડી, પ્રાણ તો જશે; હરિ હરિ હવે, શી દશા થશે;

જગતના પતી, શું તુને કહું, પુરણ થાય કાજ, એજ હું ચહું.
તુરતતો પ્રભુ, માનું પાડરે; નહિંકર અહીં, પાડું હાડરે;
કંઈ નહીં સુજે, બીજુ મુજને; વિનયથી કહું, આજ તુજને.
(અપાર વીલાપ સાંભળી નાગકન્યા બહાર આવેછે ને વીરૂ તેની ફુઈ બણી મણી છેતરીને લઈ લેછે તથા લંપટસેનને સમશા કરી બોલાવેછે)

રાગ સખી પડવેની પડતીત એરાહ.

વેલા આવો મારા, સુખ ધામરે; કામણગારારે.
દીયો દરસન, દાશીને આજરે; આવીને પ્યારારે.
થઈ ફતેહમંદ આ વારરે; આપ પ્રતાપેરે.
મારૂં વચન કહું, હવે કોણરે; આવી ઉથાપેરે.
આપો ઈનામ, ભૂપ અપારરે; મુખથી માગ્યુંરે.
હવે સર્યું સહુ, તમ કાજરે; દુઃખ મુજ ભાંગ્યુંરે.
હુંતો લળી લળી, ગાઊં ગીતરે; હરખેં આજરે.
મારા મધુર સુરથી બ્રહ્માંડરે; કેવું બની ગાજેરે.

નાગકન્યા.—(લંપટસેનની કુદ્રષ્ટી જોઈ વીરૂ પ્રત્યે)

હમતો આશ કહેતેરે એ રાહ.

અરે નીચજાતીની હે, નારી તુને ધીકાર છે
પતી વૃતભંગ જોઉ; કોણ અરે કરનાર છે. ટેક
મણી મારી પાસથી, તે લીધી છે કપટે કરી;
કરે નહીં ઢીલ લાવ્ય આ વાર, પાપીણી ક્યાં ધરી. અ૦
ફુઈ બણી દુષ્ટ કૃત્ય, કીધું તેં હે નીસાસણી;
સતીનારી સત્યકાજ, મરશે દુખમાં બણી. અરે૦
કરૂં શું વીચાર આનીવાર, હું નીરૂપાય છું;
બતાવત ક્ષત્રી પત્નીનો ધર્મ, આજ તુને કહું. અરે૦
(લંપટસેન નાગકન્યાને ચોટલે ઝાલી પાડેછે તે વખત)

રાગ ચંદ્રમુખીને એકલી એ રાહ.

અરે હે દુષ્ટ ખુષી તું, ધરે ન લેશ લાજ કાં;
છોડ મુજ આ ઘડી, અરે અંધુધ દુર થા. ટેક.
નપર્શ તું કરે મુને, હરામી હામથી અરે;
સર્વ સુખ તુજ જવા, બેઠું આજતો ખરે. અરે૦

પરાઈ સ્ત્રીની ઉપરે, જે દુષ્ટ ધારણા કરે;
નર્કમાં અપાર દુઃખ, ભોગવી ભમીમરે. અરે૦
અન્યની નારીથી રાજ, રાવણે ખોયું કહું;
અન્યનારીથી ઘણાક દુઃખ પામીયા બહુ. અરે૦

તેથી ચેત નીચ તું નમૂઢથા મદાંધમાં;
દુઃખ શીદ મુજને, દીયે અરે કરે ક્ષમાં અરે૦

પ્રવેશ ૮ મો.

સ્થળ—આરાસુર પર્વત

દીપચંદ—(તેના મીત્ર કેદારસીંહે જુઠો આરોપ મુકી કહાડી મુકે-લછે જેથી મરવાને તૈયાર થાયછે) **ગીતી.**

કટાર કર ઝાલીને, પાડું કાયા અંબા હું મારી;
નિરદોશી પરમીત્રે, કલંકમેલ્યું અરે અતી ભારી.

અંબાજી— (પ્રવેશકરી) **ગીતી.**

શાંન્ત શાંન્ત મમ વત્સા, દીપચંદ તું ધીરજને ધરને;
કટાર ત્યાગ કરેથી, કહ્યા પ્રમાણે પ્રીયે હવે કરને.
(પછી આરાસુરીની આજ્ઞા માથીક કરેછે)

પ્રવેશ ૧૦ મો.

સ્થલ ચંદ્રાવતીના બાગ

નાગકન્યા—(ઇશ્વર પ્રાર્થના)

ઓધવજી સંદેસો કેજો એ રાહ

હે જુગજીવન, દુઃખ હરી સુખ આપને:
વીનવે અબળા, દીન થઈ આ ઠામજો.; ટેક
રક્ષણ કર આ, શુધ સતી નારીતણું;
જાવા બેઠું સત્ય, રહે નહીં હામજો. હે જુગ૦
અવધી માસ તણી, લીધી ખુબી કરી;
તે પણ પુરી થવા રહ્યો દીન એકજો. હે જુગ૦
કાલ સવારેં, લંપટ, આવી હે હરી;
ક્ષત્રી પત્ની, તણી તોડશે ટેક જો હે જુગ૦
સુણ પ્રભુ, દીન થઈ પુકારૂં આ સમે;
શું ધરતો નથી, વીનતી મારી ધ્યાન જો. હે જુગ૦
પણ જગમાં થાશે, ઉપહાસ અતી ઘણો,
ખંડન થાશે, ખરેખરૂં તુજ માન જો. હે જુગ૦

(ગલામાં ફાંશી નાખતી વખત)

જફાઓ સીતંમકો એ રાહ.

હરી ઓ હરી, ઓ કૃપાલુ હરી; શું દુઃખમાં, શુધનારી ધરી.
અરે હાય શું કૃત્ય, કીધું તેં ઈશ; નીરાધાર કીધી, મુને જુગ દીશ.
ખરે પ્રાણ નાથનો, કીધો વીયોગ; શીયળ ભંગ થાવાનો, આપ્યો સંયોગ.
આથી જુગમાંહી, જીવ્યું છે ધીઃકાર; મરૂં કંઠે ફાંસી, ધરી નીરધાર.

કેદારસિંહ—જુઓ વિપ્રે ભીડી હામ એ રાહ.

અહો ઈશ હવે શું થાય, અહીં હું ક્યાંથી આવીયો રે;
કેમ પ્યારી વીના દીન જાય, પ્રભુ હું ક્યાંથી આવીયો રે.
વીત્યા દીન બહુ દુઃખ માંય, અહીં હું ક્યાંથી આવીયો રે;
કર સાહ્ય હવે જગરાય, પ્રભુ હું ક્યાંથી આવીયો રે.
મુજ પ્રાણ પ્રીયા ગઈ ક્યાંય, અહીં હું ક્યાથી આવીયો રે;
વળી મીત્ર તજ્યો મે હાય, પ્રભુ હું ક્યાંથી આવીયો રે.
મુજ તાત જોતા હશે વાટ અહીં હું ક્યાંથી આવીયોરે;
કંઈ ઘડવો ન સુઝે મુને ઘાટ, પ્રભુ હું ક્યાંથી આવીયો રે.

હમતો આશ કહે તેરે એરાહ

અહો મુજ પ્યારી, આવ્ય આ વાર પુકારી હું કહું;
સુણે નહી કેમ, લાવેન રેમ પ્રીત તજી સહુ. ટેક.
રોમે રોમ લાગી જવાલા કામની પ્રિયામુને;
પ્યાર રૂપી વૃષ્ટીથી કર શાંન્ત જ્વાલ કહું તુંને. અહો૦
માટે આવી પ્યારી, નારી ભેટ મુને તું સ્નેહથી;
અંગો અંગ મેળવીને, પસારૂં પ્યાર હું નેહથી. અહો૦
કરે જો તું વાર જાશે, પ્રાણ પ્યારી ખચીતથી;
આવી તતકાલ, થાઉં હું ન્યાલ ભેટ તું હીતથી. અહો૦

(કેદારસીંહ ગળે તલવાર માંડી મરવા જાય છે તે વખત.

બનેસખીયો.—રાગ કલ્યાણની ઠુમરી. (હાથ ઝાલીને)

ધૈર્ય ધરો હે, ભૂપ કૃપાલુ; સાહસન કરો, એ ઉચારીરે. ટેક.
અંબા પ્રતાપે, પ્યારા તમારી; મળશે પુનાગ, સુતા પ્યારીરે. ધૈ૦
આમ રાજન નહીં, ખેદ કરો તમો; જુઓ દીર્ઘ, દ્રષ્ટીયેવીચારીરે. ધૈ૦
નીરાધાર નહીં, કરો અમોને;અસી કરો, હાથ થકી ન્યારીરે. ધૈ૦

(તેવામાં નાગ કન્યા તથા દીપચંદ પ્રવેશ કરે છે.)

નાગ કન્યા—રાગશીવ ધનુષ્ય કઠીન એ રાહ.

પ્રાણનાથ કહું, શ્રવણ કરોને દાશીની વીનતી, ધ્યાન કરોને. ટેક
સંકટ સહન,અતિ મેં કીધાં છે;પણ અંબા સાહ્યે,કાર્ય સીધાં છે.પ્રાણ૦
લંપટે વીરૂથી, હરણ કરાવી;થઈ બાબણી પ્રભુ મુને ભમાવી.પ્રાણ૦
દુઃખ પડયું, એ સમે બહુ પ્યારા;સત્ય જાળવવા, તર્ક વીચાર્યા.પ્રાણ૦
માસની અવધી,ખુશીથી લીધી;ફાંસીમાં મરવા મેં તૈયારી કીધી.પ્રાણ૦
એ સમે માતુ,ભવાની પ્રતાપેં;આવી મળ્યો, દીપચંદ આ આપેં.પ્રાણ૦
અશ્વમણી જોઈ, દીપચંદ પાસે;હર્ષથી આવ્યાં, આપ અવાસેં.પ્રાણ૦

કેદારસીંહ— **રાગભેરવી.**

ધન્ય ધન્ય છે પ્રીયે મીત્રરે, કીધું સુખ તેં અપાર;
કીધું સુખ તેં અપાર, નામું શીશ વારંવાર. ટેક.
દુઃખના સમુહમાં પ્યારા હું હતો ગમાર;
દોશ સૌ મુજ ત્યાગીને, કીધો સ્નેહ નીરધાર. ધન્ય૦
તુજ શીરે પ્યારા મેં, મુકયો આરો અપાર;
કડુ વાક્ય મેં મુખ ભાંખીયાં દીધો અતી ધીટકાર. ધન્ય૦
તે સહુ વીસારીને, લાવ્યો પ્યારી આની હામ;
માફી માગું સહુ દોશની, કરૂં પ્યારથી પ્રણામ. ધન્ય૦
ધન્ય મીત્ર દીપચંદ, ધન્ય છે તુંને.
તારા સમો નહીં જગતમાં, મળે મીત્ર તો મુને. ધન્ય૦
મીત્રતાની રીત પ્યારા, તું જાણે ખચીત;
સુખ મળે યા દુઃખ તોપણ, પાળવી પુરી પ્રીત. ધન્ય૦

દીપચંદ— **રાગ વિકટ સંકટવિપ્રનું એ રાહ.**

ગુણ શું ગણે છે મીત્ર, માહ્યરા ઘણા;
સર્વ છે પ્રતાપ માતુ; અંબીકા તણા; ટેક.
રંક જાત હું વણીક, આપનો ગુલામ;
માટે વાર વાર ન, કરો મુંને સલામ. ગુણ૦
હું છું મીત્ર આપનો તે, જાણો સુખ ધામ;
શુભ ઈચ્છું આપનું એ, રોજ મુજ કામ. ગુણ૦
પણ હવે હે મીત્ર ધાંમ, આપણે જઈ;
માત તાતને મળીયે, ભાવથી તઈ. ગુણ૦
દીન આપણે થયા, ઘણા પ્રીયે કહું;
તેથી ચાલો ગામ, આપણે જઈ સહુ. ગુણ૦

પ્રવેશ ૧૨ મો.

કેદારસીંહ—(દીપચંદ ખરી વાત કેતાં પથર રૂપ થઈ જાયછે ને કેદારસીંહ તે જોઈ પશ્ચાતાપ કરેછે)

રાગ સૈયર દુઃખ શું એ રાહ.

ક્રત્ય બુરૂં મુજથી થયું, મીત્રનો આણ્યો અંત;
પથ્થર રૂપ બનાવીયો, ધીઃક મુને ભગવંત. ટેક.

જે મીત્રે મમ કામની, દુઃખ વેઠી અપાર;
દુષ્ટ લંપટની પાસથી, લાવ્યો વાળ્યો મોઝાર. ક્રત્ય૦

ચક્ષુ અંધ થઈ અરે, મણી અશ્વને લાવ્યો;
સરીતાની મધ્યમાં આવતાં, કાપી તર્જની બચાવ્યો. ક્રત્ય૦

કુસુમ કમામ કરી તેં તો, મુજ રક્ષણ કાજ;
તે ઉપકાર ભૂલી જતાં, કીધો પથ્થર આજ. ક્રત્ય૦

આ કાય શું મુજ કામની, કરૂં ધાત આ વાર;
મીત્ર વીના સૌ શું કામનું, થયો સુનો સંસાર. ક્રત્ય૦

ધીઃક છે અરે ધીઃક મુજને, કર્યું સાહસ કામ;
ખંજર લઈ ત્યાગું કાય હું, પોચે મંનની હામ. ક્રત્ય૦

નાગકન્યા— રાગ કલ્યાણની ઠુમરી.

આરાસુરી કરો સાય અમારી ધાઓ ધાઓ દીન દાસ ધારીરે. ટેક
પવીત્ર દીપચંદ, સત્યાસ્વરૂપને; પામીયો આ વાર, અંબાભારીરે આ૦
તેના દુઃખથી, પ્રાણ પતી મુજ, મુરછામાં થયા, એ ઉચ્ચારીરે આરા૦
રક્ષણ કરો આવી દીન દયાલી, દાસ દુઃખ ઉરમાં ઉતારીરે; આરા૦
જો નહીં આ સમે, આવો ભવાની, શું ગતી થાશે મા અમારીરે. આરા૦

(કેદારસીંહ મરવાની તૈયારી કરેછે ત્યારે નાગકન્યા કે છે પ્રથમ મુને મારો જગતપાલ કેછે મુને મારોને દાશીયો કેછે પ્રથમ અમને મારો છેવટ બધાં મીત્રને ખાતર મરવા તૈયાર થાય છે તે વખત.)

કેદારસીંહ—રાગ ચંદ્રમુખીને એકલી એ રાહ

થઓ તૈયાર આજ સૌ, અંબાને ભોગ આપવા;

મીત્રકાજ આજ સૌ' અચળ નામ થાપવા. ટેક.
ઘણાક દુઃખથી અરે, કરી સહાય આવીને;
જોઊં તેજ મીત્રને, પથ્થર હું બનાવીને. થઓ.
અરે કઠોર કાય કેમ, ફાટી જાય આજનૈ;
મીત્રનો વીયોગ હાય, લાય લાગી મંનમૈ; થઓ૦
અરે હે પુત્ર જગતપાલ, અંબીકા આરાધ તું,
લેશ નહીં સત્યથી, થજે ચલીત હું કહું. થઓ૦
પ્રાણથી અધીક પ્યારી સ્થીર મંન રાખજે;
સંસાર આ અસાર છે, એવું ઉરૈં ઉતારજે. થઓ૦
ક્ષણું ભંગ કાય આ, આપણું કોઈ નહીં;
બાજી જગત સ્વાર્થની, બંધાણી છે કહું અહીં.થઓ૦
એક અંબીકા વીના, નથી ખચીત જાણજો;
માટે એક ટેકથી, આરાસુરી પ્રમાણજો. થઓ૦

(એટલામાં અંબાજી પ્રવેશ કરી કેદારસીંહનું ખડગ હસ્તથી છોડાવી પ્રસંન થઈ દીપચંદને સજીવંન કરે છે ને કેદારસીહને વર પ્રસાદ આપે છે. પછી બધાં મળી માતુશ્રી અંબીકાજીની સ્તુતી કરેછે)

રાગ શીવધનુષ્ય કઠીન કઠોર એરાહ

હે ભવ ભંજની, માતુ અમારી;વીનતી કરી શીશ, નાંમી તમારી.ટેક૦
બહુ દુઃખ કાપી,સહાયઅમારી;વખતો વખત,કરી,વીઘ્ન વિદારી.હેભવ૦
અમ બાળક તુજ,શરણે હે માતું;નીત્ય નીત્ય સહાયે,અમારી થાતું.હેભવ૦
સહાય જેવી, અમારી કીધી; તેવી કરો જગમાં, દાસની સીધી.હેભવ૦
સુભસદા આ, જગતનું કરજો; સુખદઈ દુઃખ, સર્વનાં હરજો.હેભવ૦

સમાપ્ત

જાહેર ખબર.

અમારી પાસેથી નીચે મુજબ કીમતની ઓપેરાની ચોપડીયો બહાર પડીછે તો જે સાહેબોને જોઈતી હશે તેને રોકડે પૈસે વાકાંનેર આર્યહિત વર્ધક નાટક કંપની પાસેથી મળશે.

હરિશ્ચંદ્ર નાટકના ઓપેરા........................૩—૦—૨—૦
કેદારસીંહ પરમારના ઓપેરા......................૩—૦—૨—૦
સીતાસ્વયંવરના ઓપેરા...........................૩—૦—૨—૦
દીવાળી દુઃખદર્શક ફારસના ઓપેરા...............૩—૦—૧—૦

એ રીતે પુસ્તક અમારી પાસેથી મળશે તથા વાંકાનેરમાં રા. રા. વકીલ કેસવજી દેવનંદ પાસેથી. સાણંદમાં રા. રા. જાની ભોળાનાથ ભાઈની પાસેથી. વઢવાણ શેહેરમાં જેશંકર મોરારજી પાસેથી. મોરબીમાં રા. બટ ચકુ, વી. જુઠા પાસેથી ને ભાવનગરમાં બુકસેલર જમનાદાસ પાસેથી, તથા જેતપુરમાં રા. રા. પ્રેમશંકરભાઈ જેલર પાસેથી અમદાવાદમાં કૃપાશંકર ગંગાશંકર મહેતા. ઠે૦ પંચભાઈની પોળમાં પાટણમાં રા. રા. દશરથલાલ ગંગારામ પાસેથી. એ રીતે મળશે. તથા હવેથી અમારી તરફથી હરિશ્ચંદ્ર તથા કેદારસીંહની આખી બુકો બહાર પડવાની છે તેની વીગત હેંડબીલમાં વાંચેથી માલુંમ પડશે.

વીનંતી
ગ્રંથકર્તા.